ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ''રામકથા-મેદાન'' ખાતે ૨૫મીએ સુશાસન દિવસની ઉજવણી કરાશે

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ કાર્યક્રમમાં વિડીયો-કોન્ફરન્સના માધ્યમથી ઉપસ્થિત રહી સંબોધન કરશે**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સ્થિત રામકથા મેદાન ખાતે ૨૫મી ડિસેમ્બરના રોજ ''સુશાસન દિવસ''ની ઉજવણી રાજ્યકક્ષાની કરાશે. આ ઉપરાંત જિલ્લાના ત્રણ તાલુકામાં પણ આ દિવસની ઉજવણી માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલજીના જન્મદિનની ઉજવણી સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે ગાંધીનગર રામકથા મેદાન ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ ઉજવણી દરમ્યાન ૩૦૦ થી પણ વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાના લાભોનું વિતરણ કરવા સહિતની બાબતોને કાર્યક્રમની ઉજવણીમાં વણી લેવામાં આવી છે. ખાસ કરીને કોટેજ ઈન્ડસ્ટ્રીઝ તેમજ કૃષિ વિભાગના લાભાર્થીઓને લાભનું વિતરણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લાના ત્રણેય તાલુકામાં પણ આવા જ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું જિલ્લા વહીવટીતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજયકક્ષાના કાર્યક્રમમાં ''સુશાસન દિવસ''ની ઉજવણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સથી ઉપસ્થિત રહી લાભાર્થીઓને સંબોધન કરશે.

ગાંધીનગરમાં ધ્વજવંદન સમારોહ પછી બીજો રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાઈ રહ્યો હોવાથી તંત્રએ આ અંગેના આયોજનની પૂરજોશમાં તૈયારીઓ હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકાર પણ આ દિવસે કેટલીક મહત્વની જાહેરાતો કરે તેવી શક્યતાઓ છે. કિસાનોની આવક વૃદ્ધિ માટે સરકારે લીધેલા શ્રેણીબદ્ધ પગલાંઓની જાણકારી સહિત આત્મનિર્ભર યોજનાની પણ વિગતો સાથે યશોગાન ઉજવણી દરમ્યાન કરવામાં આવશે.



કુદરતની કરામત - નરસિંહ મહેતાના પ્રભાતિયાની પંક્તિ આ તસ્વીર જોઈને યાદ આવે ''વૃક્ષમાં વૃક્ષ તુ બીજમાં બીજ તુ...'' ગાંધીનગર સે. ૧૭ માં આવેલ બળવંતરાય મહેતા પંચાયત પરિષદ ભવનના પ્રાંગણમાં વટવૃક્ષથી બનેલ ચરૂના વૃક્ષની એક બખોલમાં પીંપળની ડાળ ફુટીને બહાર આવી છે. બીજી એક બખોલમાં પોપટ પણ વસે છે. કુદરતની આ કરામતનો નજારો તસ્વીરમાં દેખાય છે.

# ધો - ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૨૮ ડિસેમ્બરથી પાંચમી એકમ કસોટી

**જિલ્લાની ૩૫૦ શાળાઓના ૮૫ હજાર વિદ્યાર્થીઓ ઘરેથી એકમ કસોટી આપશે**

ગાંધીનગર તા ૨૨

કોરોનાના કપરા કાળ વચ્ચે હજુ શાળાઓ શરૂ થઈ શકી નથી અલબત્ત હજુ બધુ ઓનલાઈન શિક્ષણના સહારે છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. જયારે હાલની સ્થિતિ મુજબ નજીકના દિવસોમાં શાળા શરૂ થઈ શકે તેમ પણ નથી ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે સમયાંતરે એકમ કસોટીનુ આયોજન કરવામાં આવે છે.આગામી તા ૨૮ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી જિલ્લાની શાળાઓ દ્વારા એકમ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાની ૩૫૦ જેટલી શાળાઓના અંદાજિત ૮૫ હજાર વિદ્યાર્થીઓ એકમ કસોટી આપશે.

કોરોનાના કહેર વચ્ચે છેલ્લા ૯ મહીનાથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાની પ્રક્રીયા ઠપ્પ થઈ ગઈ છે. અલબત્ત શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ જોવા મળતી નથી કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે શાળાઓ શરૂ થઈ શકી નથી જેથી વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ પરીક્ષાનો અભિગમ પણ જળવાઈ રહે તે માટે શાળાઓ દ્વારા સમયાંતરે એકમ કસોટીનુ આયોજન કરવામાં આવે છે. જેને અનુલક્ષીને તા ૨૮ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી દરમિયાન જિલ્લાની શાળાઓમાં પાંચમી એકમ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ એકમ કસોટીમાં ધો -૯ થી ૧૨ ના અંદાજિત ૮૫ હજાર વિદ્યાર્થીઓ હાજરી આપશે. જેમાં તા ૨૮ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ કલાક સુધીમાં વિદ્યાર્થીઓને એકમ કસોટીના પ્રશ્નપત્રો હાર્ડ કે સોફ્ટ કોપીમાં પહોંચાડવાના રહેશે.શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પાઠ્યપુસ્તકોના આધારે જ એકમ કસોટીનુ આયોજન કરવામાં આવશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને એકમ કસોટીના પ્રશ્નપત્રો ગોપનીય ઈમેઈલ એડ્રેસ પર મોકલવામાં આવશે. વિદ્યાર્થીઓ એકમ કસોટીના પ્રશ્નો ઉત્તારો નોટબુકમાં સ્વયંશિસ્ત પુર્વક ઘરે વાલીઓની દેખરેખ હેઠળ લખે તે અંગે શાળાના આચાર્યાએ પણ જરૂરી સુચના આપવા પણ જણાંવાયુ છે.

# ગાંધીનગર-માણસા માર્ગ પર રાંધેજા ફાટક માથાના દુ:ખાવારૂપ બન્યુ

**છેલ્લા એક દાયકાથી એકપણ ટ્રેઇન આવતી નથી અને રેલવે ક્રોસિંગ પર રોજ અડધો કલાક ટ્રાફિક જામ : રેલવે ક્રોસિંગ પાસે જ મસ મોટા ગાબડા : વાહનો ધુમાડો ઓકી પ્રદુષણ કરે છે અને નાગરિકોનો સમય અને પૈસા વેડફાય છે**

ગાંધીનગર તા ૨૨

માણસા ગાંધીનગર માર્ગ પર સ્થિત રાંધેજા ફાટક પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. આ રેલવે ફાટક પર છેલ્લા એક દાયકાથી કોઈ ટ્રેઈન આવતી નથી પરંતુ વાહનચાલકોએ ફરજિયાત સ્ટોપ થઈ જવુ પડે છે. કારણ કે ક્રોસિંગ નજીકના માર્ગ પર મોટામસ ગાબડા પડયા છે. ફાટકને ક્રોસ કરવુ પણ વાહનચાલકો માટે ઘણીવાર જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ગાબડાથી ઘેરાયેલા બંધ ફાટક પાસે ચક્કાજામ થતા વાહનચાલકોનો સમય અને પૈસા વેડફાય છે. પ્રદુષણનુ પ્રમાણ પણ વધ્યુ છે. આ વિસ્તારમાં યોગ્ય સમારકામ કરવુ અનિવાર્ય હોવાનો સુર પણ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે.

માણસા ગાંધીનગર માર્ગ વચ્ચે રાંધેજા ફાટક પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. બંધ ફાટક પર છેલ્લા એક દાયકાથી કોઈ પણ ટ્રેઈનની અવરજવર થતી નથી આમછતા નાગરિકોએ ફરજિયાત આ ઠેકાણે સ્ટોપ કરવો પડે છે. ફાટક પાસેના માર્ગ પર મોટા મસ ગાબડા પડી ગયા છે. આ ઠેકાણે બમ્પ હોવાના લીધે આમ પણ વાહનો ધીમા પડી જાય છે. પરંતુ માર્ગની હાલત વધુ ખરાબ હોવાથી વાહનચાલકોએ ફાટક ઓળંગવાનુ મુશ્કેલ બન્યુ છે. ટ્રેઈનની અવરજવર વર્ષોથી થતી ન હોવાછતા વાહનચાલકોએ આ ઠેકાણે સમય અને પૈસા વેડફવાનો વારો આવ્યો છે. ફાટક પાસેના માર્ગ પર મોટા ગાબડા પડી ગયા છે. જેના લીધે આ વિસ્તારમાં માર્ગ સલામતી પણ જોખમાઈ છે. જયારે ટ્રેઈન જ આવતી નથી તેમ છતા વાહનચાલકોએ ફરજિયાત ટ્રાફિક જામનો ભોગ બનવુ પડે છે. જેના લીધે રોજબરોજ હજારો રૂપિયાના પેટ્રોલનો બગાડ થાય છે. આ ઉપરાંત પ્રદુષણ પણ ફેલાય છે. આવા સંજોગોમાં આ બંધ ફાટકના વિસ્તારમાં યોગ્ય સમારકામ કરીને ટ્રાફિક જામ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડીનું મોજુ યથાવત : પારો ૧૦ ડિગ્રી

**આગાહી મુજબ જ પાટનગરમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે : જનજીવન પર ઠંડીની તીવ્ર અસર**

ગાંધીનગર, તા. ૨૨

ઉત્તર-પૂર્વિય દિશામાંથી ફૂંકાતા બર્ફીલા પવનોની અસર તળે ગાંધીનગરમાં કાતિલ ઠંડી પડી રહી છે. છેલ્લા ચાર દિવસથી પડી રહેલી તીવ્ર ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. લઘુત્તમ તાપમાન અડધો ડીગ્રી વધીને ૧૦ ડિગ્રી



નોંધાતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે.

જમ્મુ-કાસ્મીરથી લઈને છેક રાજસ્થાન, ગુજરાત સુધી ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. હવામાન વિભાગે ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં રાજ્યમાં તીવ્ર ઠંડી પડશે તેવી આગાહી કરી છે. આગાહી મુજબ જ છેલ્લા ત્રણ-ચાર દિવસથી લઘુત્તમ તાપમાન સતત ઘટી રહ્યુ છે.

સોમવારે તો સીઝનનું સૌથી ઓછુ તાપમાન ૯.૫ ડિ.સે. નોંધાયુ હતુ. વસાહતીઓ સાંજ પડતાં જ ઘરમાં ભરાઈ ગયા હતા. તીવ્ર ઠંડીની અસર તળે વસાહતીઓએ ઘરના બારી-બારણાં આખો દિવસ બંધ રાખવાની ફરજ પડી હતી. હાલમાં શિયાળાની ઋતુમાં દિવસ વહેલો પૂર્ણ થઈ જાય છે. સાંજ પડતાં જ ઠંડી જાણે સમગ્ર વાતાવરણ પર કબ્જો જમાવી દે છે.

છેલ્લા બે દિવસથી તો એટલી કાતિલ ઠંડી પડે છે કે સાંજ પછી તો બહાર નીકળવુ મુશ્કેલ બને છે. શાકમાર્કેટ અને બજારોમાં ભીડ સાવ ઓછી જોવા મળે છે. ઠંડીની અસરથી બચવા વસાહતીઓ વહેલા જ ખીરીદી પૂર્ણ કરી દે છે. જેથી ઠંડીમાં બહાર નીકળવુ ન પડે.

આખો દિવસ ઘરમાં પણ ગરમ વસ્ત્રો પહેરીને ફરવુ પડે છે. ઠંડી સામે રક્ષણ મેળવતા વસાહતીઓ જાત-ભાતના ગતકડાં અજમાવી રહ્યાં છે. ઠંડીની અસરથી સાંજ ઢળતા જ સેક્ટરોમાં સન્નાટો છવાઈ જાય છે. વાહનોની અવરજવર પણ સાવ ઓછી થઈ જાય છે.

# જિલ્લામાં ઘટાડાનો ટ્રેન્ડ પણ ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં હજુ કોરોના બેફામ

**શહેરમાં સે. ૨૨ માં ૫ કેસ, ૩ માં ૪ કેસ સહિત ૧૫ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૧૦ કેસ; કલોલ-દહેગામમાં ૪-૪ કેસ નોંધાયા : 33 નવા કેસ નોંધાયા : ૪૪ને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. પણ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેફામ છે. ગાંધીનગર તાલુકામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

દહેગામ-માણસામાં પણ કેસોની સંખ્યા વધી રહી છે. આ ઉપરાંત કલોલના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના તેનો પંજો વિસ્તારી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે કોરોનાના ૩૩ નવા કેસ નોંધાયા છે જેમાં ૧૦ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે સંક્રમિત થનારાઓમાં યુવા, આધેડવયના તેમજ મોટીવયના દર્દીઓનો સમાવેશ થાય છે.

જિલ્લામાં કોરોનાના કેસો જે નોંધાયા છે તેમાં ૧૮ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૧૫ કેસ ગાંધીનગર શહેરમાં નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગરમાં ૧૦ કેસ, દહેગામમાં ૪ કેસ તેમજ કલોલમાં ૪ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૮૪૮ કેસ કોરનાના કેસ નોંધાયા છે. જેમાંથી ૭૩૬૨ દર્દીઓ સાજા થયા છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી વધુ ૩ કેસ, કોબા ગામેથી ૨ કેસ, કુડાસણ ગામેથી ૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત પુન્દ્રાસણ, રાંધેજા અને પેથાપુર ગામેથી પણ કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી બે કેસ મળવા ઉપરાંત હિલોલ અને પાટનાકુવા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

કલોલમાંથી પણ ૪ કેસ મળી આવેલ છે. ખાત્રજ, મોટી ભોંયણ, સઈજ તેમજ અર્બન-૨ વિસ્તારમાંથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૫૩૦ દર્દી કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૫૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૦૦ જેટલા કેસો હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦,૬૩૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના ૭ દર્દીઓને આજે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહ્યો છે. શહેરમાં આજે વધુ ૧૫ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં માત્ર ૧ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે ૭ અલગ અલગ સેક્ટરોમાંથી કેસો મળી આવેલ છે. સંવેદનશીલ બનેલ સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે ૪ મહિલા દર્દીઓ સહિત ૧૫ કેસ નોંધાયા છે તેમાં પત્રકાર, અદાણી ગૃપમાં ડ્રાફ્ટસમેન તરીકે ફરજ બજાવતો કર્મયોગી, મહિલા બાળ વિકાસ કમિશ્નરેટનો કર્મયોગી, ડે. મેનેજર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, શિક્ષક તેમજ પ્રોગ્રામ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૨ માંથી ૫ કેસ, સે. ૩ માંથી ૪ કેસ, સે. ૨૬ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨, ૨૪, ૩ એ-ન્યુ અને સે. ૨૩ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# ગ-૨ કોર્નર પર પાણીની લાઈનમાં ભંગાણના લીધે તળાવ ઉભરાયુ

**વારંવાર આ ઠેકાણે પાણી લીકેજીસની સમસ્યાના લીધે ખોબોચિયા ભરાય છે સમસ્યાના કાયમી નિકાલ માટે યોગ્ય કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૨૨

શહેરમાં શિયાળાની ઠંડીના દિવસોમાં ઉનાળાની સાપેક્ષમાં પાણીનો વપરાશ ઘટે છે. પરંતુ શિયાળા દરમિયાન પાણીની લાઈનમાં લીકેજની સમસ્યા વધી જાય છે. સેકટરોમાં પણ પાણીનો



બગાડ વધુ થતો હોવાનો રોષ પણ વારંવાર ઉઠવા પામે છે. નગરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ થતો હોવાનુ ધ્યાને આવે છે. ત્યારે જાહેર માર્ગો આસપાસ પણ ઘણીવાર લાઈનમાં ભંગાણ થતા તળાવ ઉભરાય છે. હાલ નગરના ગ-૨ કોર્નર પાસે પણ આવી જ સ્થિતિ છે. આ વિસ્તારમાં પાણીની લાઈનમાં લીકેજ હોવાના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ છે.

શહેરના સેકટરોમાં પાણીની પોકાર અવારનવાર ઉઠવા પામે છે. સેકટરોમાં પ્રતિદિન જરૂરિયાત કરતા પણ વધુ પાણી સપ્લાય કરવામાં આવતુ હોવાનો દાવો તંત્ર કરે છે. ત્યારે નગરજનો સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ કરતા હોવાનુ પણ અભ્યાસના અંતે ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં સ્માર્ટ સીટી અન્વયે આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટેની યોજના પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેના માટે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. શહેરમાં પાણીની સમસ્યા આમ તો નથી પરંતુ પાઈપલાઈન અપગ્રેડ કરવાની સાથે ટોપોગ્રાફીના લીધે ઘણીવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામતી હોવાનુ પણ અભ્યાસના અંતે સ્પષ્ટ થયુ છે. ત્યારે શહેરમાં સપ્લાય થતા પાણી પુરવઠા સામે પાણીનો બગાડ પણ ચિંતાનો વિષય છે. નગરમાં સ્થિત અનેક વિધ સરકારી કચેરીઓમાં પણ નળ ખુલ્લો રહેવા સાથે લીકેજીસની સમસ્યાના લીધે પાણીનો વિશેષ બગાડ

● અનુસંધાન પાન-૭ પર

દુ:ખદ અવસાન



અત્યંત દુ:ખ સાથે જણાવવાનું કે,
અમારા આદરણીય
ચિ. મેહુલ કાન્તીલાલ બુધ્ધ નો
સ્વર્ગવાસ તા. ૨૧.૧૨.૨૦૨૦ રોજ થયેલ છે.
વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને
સદ્‌ગતનું બેસણું રાખેલ નથી.

લિ.
સ્વ. કાન્તીલાલ ધૈર્યચંદ્ર બુધ્ધ (IAS)
નીશા મેહુલ બુધ્ધ
કોમલ રવિ બજાજ
દર્શના સંદીપ ગુર્જર
માલતીબેન કાન્તીલાલ બુધ્ધ
શ્રેય મેહુલ બુધ્ધ
વંદના દિપક ઠક્કર
ફર્મ : શ્રેય સિસ્ટમ
(જે. ડી. શેઠ (Ex. Chief Eng. Guj) પરિવાર)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com